# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

2023

સા વિદ્યા યા વિમુક્તયે

## દ્વિતીય વર્ષ અભ્યાસક્રમ-૭

ડિસેંબર

# પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. તીર્થંકર પરમાત્મા ની ઋદ્ધી જોવા ......................... આહારક શરીર બનાવે.
૨. કોઈ પણ જીવ મરી ને પરભવમાં ........................... થતો નથી.
૩. સાર્થવાહ નો વ્યાપાર ............................... હોવા થી વર્જનીય છે.
૪. આત્મા ને કોઈપણ કર્મ ભોગવવા માટે કોઈ એક ........................... નો આશ્રય લેવો પડે છે.
૫. અતિ નિર્મલ સ્ફટિક જેવુ ......................... શરીર કોઈ ને દેખાય કોઈ ને ન દેખાય.
૬. ......................... ના સમુહ શાંતિનાથ ભ. ને મસ્તક થી પ્રણામ કરતા હતા.
૭. ચક્રવર્તી ......................... બાણ માગધ દ્વીપ તરફ છોડે છે.
૮. બહુ આરંભી જીવો ની સાથે વ્યાપાર કરવો તે ......................... કર્મ છે.
૯. અકંપિત ગણધર ની માતા ........................... નામે બ્રાહ્મણી હતા.
૧૦. વ્યાપાર માં અડચણ ન આવે તે માટે ...................... નો ઘણો વિચાર કરવાનો છે.
૧૧. ઘાસ સમુહ ની જેમ ઔદારાદિક પુદ્ગલો ના જત્થા નો સંગ્રહ કરી આપનાર કર્મ ...................... છે.
૧૨. ધાર્મિક સંસ્થા .............................શબ્દ નો એક અર્થ છે.
૧૩. બંદુક, પિસ્તોલ બનાવવા,વેચવા નો ધંધો ......................... છે.
૧૪. વૈતાઢ્ય ની ઉત્તર તરફ ની મેખલા ઉપર ...................... આદિ શહેરો છે.
૧૫. મિથ્યાત્વ મોહનીયના જ દળિયા વિશુદ્ધ થાય ત્યારે ...................... કહેવાય છે.
૧૬. મસ્તક એ શરીર નો .........................કહેવાય.
૧૭. કરજદારે કોઈ ઉપાય ન રહેતા છેવટે લેણદાર ને ત્યાં ........................... તરીકે રહી ને ઋણમોચન કરવું.
૧૮. અકંપિત ગણધર ઉમર ના ૫૭ માં વર્ષે ......................... માંડી ને કેવલજ્ઞાન પામ્યા.
૧૯. તીર્થંકર ગણધર ........................... શરીર ને ધારણ કરે છે.
૨૦. ચાર ગતિમય આ સંસાર માં ઘણીવાર આ જીવે ......................... કરેલ છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જ્વાબ લખો -** ૧૫

૧. જંબુવૃક્ષ કયા ક્ષેત્ર માં છે .
૨. જે વ્યાપાર થી ધર્મ સચવાય નહીં એવો વ્યાપાર કોણે કરવું નહીં ?
૩. અકંપિત બ્રાહ્મણ કઈ કલા માં નિપુણ થયા ?
૪. રાગ,દ્વેષ, ભય અને મોહ થી વર્જીત મહામુનિ કોણ છે ?
૫. પર્વત ઉપર હોવા છતા કોની ગણત્રી ભૂમિકૂટ માં થાય છે ?
૬. કઈ ગતિ માં કયા સ્થાન માં જવું એ કોણ નક્કી કરે છે ?
૭. દાસ-દાસી ગુલામ આદી નો ક્રય, વિક્રય શું કહેવાય ?
૮. જાવડશા ના માથે કોનુ કરજ રહેલુ હતુ ?
૯. અનેક વિદ્યાઓ ને ધારણ કરનાર મનુષ્યોં ને શું કહેવાય ?
૧૦. ઇંદ્રિય પર્યાપ્તિ નામ કર્મ ની સહાયતા થી શું પ્રાપ્ત થાય છે ?
૧૧. ધોબી નો ધંધો કયા કર્મ માં આવે છે ?
૧૨. શેના પરિણામ આપણે ક્ષણે ક્ષણે અનુભવીએ છીએ ?
૧૩. કેવા શ્રાવક માટે કર્માદાન આચરવા યોગ્ય નથી ?
૧૪. શાંતિનાથ ભ. પાસે આવેલા દેવતાઓ અને અસુરો શેનાથી મુક્ત હતા ?
૧૫. પરલોક માં કોણ શાશ્વત રહેતા નથી ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) હરયાણ ૨) કણગરહ ૩) અહંપિ ૪) સઢ્ઢી ૫) સમ્મ ૬) કર્પણે ૭) વિજ્જાહર ૮) ઉચરંગ ૯) સાડી
૧૦) પયાહિણં ૧૧) આયર ૧૨) ઈગ ૧૩) ઉરલા ૧૪) તણુ ૧૫) સોણિ ૧૬) પરુવિઅ ૧૭) તિરીડ ૧૮) ઇય
૧૯) શીર્યતે ૨૦) સેવાયાં

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B |
| --- | --- |
| ૧) રસ-વાણિજ્ય | ૧) શાશ્વતધામ |
| ૨) સહાયકારક | ૨) ભાવડશા |
| ૩) પ્રકૃતિ | ૩) વૈક્રિય શરીર |
| ૪) ભદ્રશાળ | ૪) વેશણ |
| ૫) મોહવર્જિત | ૫) મણિ-મેખલા |
| ૬) નિર્વાણપદ | ૬) ઉદિરણા |
| ૭) પરિણામ | ૭) અનુભવી |
| ૮) ઋણાનુબંધ | ૮) મહામુનિ |
| ૯) વાયુકાય | ૯) કાર્મણ શરીર |
| ૧૦) કટિ પ્રદેશ | ૧૦) મેરુપર્વત |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. ભરત ક્ષેત્ર ના ચક્રવર્તી કેટલા તીર્થ માં પોતા ની આજ્ઞા સ્થાપે છે ?
૨. વીર પ્રભુ ના આઠમા ગણધર કેવલી થયા ત્યારે એમની ઉમર શું હતી ?
૩. કર્મા દાન ના કુલ અતિચાર કેટલા ?
૪. ઉત્તર કુરુક્ષેત્ર માં કેટલા ભૂમિકૂટો છે ?
૫. આઠ કર્મ ની કેટલી પ્રકૃતિ ઉદય અને ઉદિરણાએ હોય ?
૬. ભાવડશા ના બીજા પુત્ર નું કેટલું લેહેણું બાકી હતુ ?
૭. મહાહિંસામય કર્મ કેટલા ?
૮. ત્રણ શરીર ના કુલ બંધન કેટલા ?
૯. વ્યાપાર ની સફળતા માટે કેટલી વાત લક્ષ માં રાખવી ?
૧૦. ચૌંત્રીસ વિજયો ના વૈતાઢય ઉપર શ્રેણિઓ કેટલી ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( × ) તે જણાવો** ૧૦

૧. દ્વિપદ ચતુષ્પદ નો વ્યાપાર નિર્લાછન કર્મ માં આવે છે.
૨. તિલક અને કંકણ થી સુશોભિત પૃથ્વી પર વિચરનારી છે.
૩. આપણી પાસે વ્યાપાર માં રોકવા પૈસા નું બળ કેટલુ છે તે વિચારી ને પગલુ ભરવું .
૪. નારકી જીવો મરી ને બીજા ભવે મનુષ્ય કે તિર્યંચ થાય છે.
૫. ત્રીજો ખંડ જીતી ને ચક્રવર્તી ઋષભકુટ ને પોતા ના રથ ની અણી થી ત્રણ વખત સ્પર્શ કરે છે.
૬. દેવગતિ માં લઈ જનાર કર્મ તે દેવ આયુષ્ય નામ કર્મ છે.
૭. લહેણદાર ને કરજ આપે નહીં તો ભવાંતર માં બેન-ભાણેજ, ગાય-ભેંસ નું અવતાર લઈને દેવુ ચુકવવું પડે.
૮. વિદ્યુત્પ્રભ અને માલ્યવંત ગજદંત ના નવકૂટો માં હરિકુટ અને હરિસ્સહકૂટ નો સમાવેશ છે.
૯. પીઠ અંગ છે તો મણકાઓ ઉપાંગ છે.
૧૦. અકંપિત બ્રામ્હણે વીર પ્રભુ પાસે થી ત્રિપદી પામી ચૌદપૂર્વ ની રચના કરી.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. કોઈ પણ જીવ મરી ને પરભવ માં નારકી થતો નથી કારણ કે પરલોક માં નરક ને વિષે નારકી જીવો નથી.
૨. કદાચિત કોઈ મ્લેચ્છ પાસે લેહેણું રહી જતુ હોય તો તે લેહેણુ ધર્મખાતે માંડી વાળવું.
૩. ઔદારિક સરીર ની અવગાહના અન્ય શરીરો કરતાં મોટી છે, આજ શરીર થી મોક્ષ માં જવાય ચે.
૪. ઉત્તમકંચણ રયણપરુવિઅ, ભાસુર ભૂષણ ભાસૂરિ અંગા;
૫. હું આપના ક્ષેત્ર માં રહેનારો દેવ છું.
૬. હું ચોમાસા માં નવુ મકાન બનાવીશ નહીં અને વેચીશ પણ નહીં.
૭. એક એક ગતિ માં લઈ જનાર એક ચોક્કસ કર્મ હોય છે.
૮. શ્રાવક જીવન સંબંધીત અનેક ધાર્મિક ગ્રંથો માં એ માટે નું માર્ગદર્શન જોવામળે છે.
૯. આ નગરો ની આજુબાજુ અનેક નાના ગામડાઓ પણ હોય છે.
૧૦. આરંભ વિના સુખે નિર્વાહ ન થાય તો અલ્પ આરંભ થી કામ ચલાવે.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. રસવાણિજ્ય
૨. વ્યાપાર માં ક્ષેત્ર શુદ્ધિ
૩. વિદ્યાધર મનુષ્યો ની શ્રેણિઓ
૪. આહારક શરીર નામ કર્મ
૫. અકંપિત ગણધર ની શંકા અને સમાધાન

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com